## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

મીઠો ટહુકો સુણી જેનો, અનોખી મોજ આવે છે
હૃદયના આંગણે, પંખી સ્મરણનું, રોજ આવે છે

રટણ છો ને કરો 'એ આવશે, એ આવશે' એવું
પરંતુ દુઃખને જો મારી શકો, સુખ તો જ આવે છે

કશું પણ માંગવા જો હાથ લંબાવું કોઈ પાસે
તો અડધે રસ્તે જઈને એ તરત પાછો જ આવે છે

- સંદીપ પૂજારા

### પાથેય

- રમેશ ઠક્કર

# અનોખી મોજ

કહેવાય છે કે "Happiness is a journey not a destination" એટલે કે ખુશી ચાલતા રહેવામાં છે નહીં કે કોઈ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં. અદભુત લાગે એવી આ વાત છે.થોડીક ગહન પણ છે.ખરેખર આનંદ એ શોધવાની વસ્તુ નથી એ આપોઆપ મળે છે.આપણે જ્યારે મુસાફરી શરૂ કરીએ છીએ ત્યારે એ દરમિયાન આપણને જે મુશ્કેલીઓ કે હાડમારીઓ મળે છે એ શરૂઆતમાં અડચણરૂપ લાગે ;પરંતુ તમે જે સંઘર્ષ કરો છો અને સફરમાં આગળ વધવા માટે જે અનુભવો મેળવો છો એ જ ખરેખર મુસાફરીનું ભાથું બની જાય છે.એ પછી મુસાફરીનું અંતિમ લક્ષ્ય આવી જાય તો પણ આપણને એટલો આનંદ મળતો નથી..ચાલવાનો રોમાંચ હોય.જ્યારે મુકામ ઉપર પહોંચીએ ત્યારે તો કેવળ થાક જ હોય છે.

સુખ અંગે માણસના ખયાલો કેવા કેવા હોય છે ? સંતોષને સુખ કહી શકાય એ વાત ચોક્કસ છે.સુખનો માપદંડ એ સંતોષ છે.માણસ અમુક?? હદ સુધી જ સુધી સંતોષી રહીને સુખની પ્રાપ્તિ કરી શકે છે.સંતોષ પ્રાપ્ત કરવો એ જ આમ??તો મોટી સિદ્ધિ છે.આપણે સૌ જાણેઅજાણે જીવનની સ્પર્ધામાં ઉતરતા રહીએ છીએ.પોતાના સુખ કે સંતોષ માટેની તલાવેલી કરતા અન્ય સાથેની સરખામણી મુખ્યત્વે આપણા જીવવાનું ધ્યેય બની જાય છે.અને આ.અભિગમ આપણા સંતોષ માટે વિઘ્ન રૂપ બની જાય છે.

સંતોષ કેવો હોય? હિન્દીના પ્રસિદ્ધ લેખક પ્રેમચંદજી એવું કહેતા કે બાળપણમાં કોઈક જગ્યાએથી ચોરી છુપીથી એકાદ બરફનો ટુકડો હાથમાં આવી જતો.એને ચગાળવામાં જે આનંદ આવતો એવો આનંદ મોટી હોટલો કે મોટા બજારોમાં જઈને આઈસ્ક્રીમ ખાવામાં નથી આવતો ! કોઈક મોટા બિઝનેસમેન માટે તેના ધંધા કે ઉદ્યોગોને વિસ્તારમાં સુખ સમાયેલું હોય છે.કોઈકને મન પોતાની સિદ્ધિ કે કોઈ ક્ષેત્રમાં નામના એ સુખના માપદંડો હોય છે. મુફલિસ જેવો લાગતો માણસ પોતાની કલ્પના કે દિવાસ્વપ્નમાં સુખની પરમ અનુભૂતિ કરતો રહે છે.જૂજવા રૂપે અનંત ભાસે એ મુજબ સંતોષની પણ વિવિધ મુદ્રા હોય છે.

કહેવાય છે કે દુનિયામાં એક દુઃખી માણસ જેટલું દુઃખી કોઈ નથી.અને બે દુઃખી માણસો જેટલું સુખી કોઈ નથી.એક કવિ એ બહુ સરસ કહ્યું છે."હકીકતમાં સુખ જેવું કાંઈ હોતું નથી સુખ એ આપણા દુઃખોનો ગુલાબી મિજાજ છે." દુઃખોની માવજત કરવામાં અને એની સાથે મક્કમતાથી ઝઝૂમવામાં જ સુખની પ્રાપ્તિ રહેલી હોય છે.સુખને દુઃખોનો ગુલાબી મિજાજ કહેનાર સર્જક જેવી ખુમારી જ કદાચ એનો સાચો ઉપાય લાગે છે.

# ગુજરાત ઈલેક્શન : પુનઃસ્થાપન કે પરિવર્તન?

અંતે આખો દેશ જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો છે એ ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત થઈ ગઈ છે અને એની સાથે જ ન્યૂઝ બુલેટિનની ભાષામાં કહીએ તો શરૂ થઈ ગઈ છે ચુનાવી ગેહમાગેહમી..!!! અને આ વખતની આ ગેહમાગેહમી અગાઉના ઈલેક્શન કરતાં જરા જુદી પ્રકારની પણ છે અને નથી પણ. જુદી એટલા માટે છે કે ગુજરાતનાં રાજકારણમાં કદાચ ઘણા વર્ષો પછી ખરેખર મજબૂત લાગતા ત્રિપાંખીઓ જંગ થવા જઈ રહ્યો છે. એવું નથી કે અગાઉની ચૂંટણીઓમાં કોઈ ત્રીજા પક્ષે કે પરિબળે જુકાવ્યું નથી પણ આ વખતે કેજરીવાલની આમ આદમી પાર્ટીની એન્ટ્રી થતાં જ ગુજરાતનાં રાજકારણમાં ગરમાવો ચોક્કસ આવી ગયો છે. પંજાબની જીત પર સવાર થઈને ગુજરાત ફતેહ કરવાના મનસૂબા સાથે આવેલા કેજરીવાલની કિસ્મત પંજાબ જેટલી સારી અહી નથી રહેવાની એ હકીકત તો ૮ ડિસેમ્બરે પરિણામ આવતા જ સાબિત થઈ જવાની છે અને આ હું નથી કહેતો પણ ચૂંટણી જાહેર થતાં જ આવેલા લગભગ અર્ધો ડઝન સર્વે કહે છે. સર્વે કહે છે કે લગભગ ૧૧૦-૧૩૦ સીટો સાથે ભાજપ ફરી સરકાર બનાવી રહી છે અને કોંગ્રેસ ૩૦-૫૫ અને આપ ૦-૫ વચ્ચે સમેટાઇ શકે છે. ખેર આ તો અનુમાન અને આકલન છે પણ એટલું તો ચોક્કસ છે કે છેલ્લા બે દાયકાથી વધુ વખતથી સત્તામાં રહેલ ભાજપને આપ ની એન્ટ્રીએ દોડતી તો કરી જ દીધી છે એમાં ના નહીં..!!!!




પણ ભાજપ માટે આવા પડકારો કાઈ નવા નથી. ૨૦૧૭મા પાટીદાર આંદોલનનો પડકાર હતો તો એ પહેલા કેશુભાઈની પાર્ટીનો હતો અને એ પહેલા ગોધરા અને બીજા પરિબળો હતા જ. પણ ભાજપ દર વખતે એમાંથી આગોતરા આયોજનો અને ચૂંટણીલક્ષી આવડતને લીધે સાંગોપાંગ પાર ઉતરી ગયેલ અને આ સફળતાનું એકમાત્ર કારણ કોઈ હોય તો એ છે નરેન્દ્ર મોદી. આમપણ ગુજરાત હોય કે દેશના કોઈપણ રાજ્યની ચૂંટણી. એ લડાવાની તો મોદીસાહેબના ચહેરા પર જ અને એટલે જ ગુજરાતમાં પણ આ વખતે નરેન્દ્ર મોદી ઘણા સમય પહેલાથી જ એક્ટિવ થઈ ગયેલા છે. અને આ તો ભાજપ છે. દેશની બધી જ પોલિટિકલ પાર્ટીઓમાંથી કદાચ ભાજપ જેટલી ચૂંટણી લડવાની આવડત અને તૈયારીઓ રાષ્ટ્રીય લેવલે બીજી કોઈ પાર્ટીમાં નથી જ.. ઈવન કોંગ્રેસ પાસે પણ નહીં. અને એટલે જ કોંગ્રેસ અને આપ બન્નેની લડતને ભાજપે ઘણી જ ગંભીરતાથી લીધી છે. વિજયભાઈને હટાવેલા ત્યાંથી જ ભાજપે ચૂંટણીની તૈયારીઓ કરી દીધેલી એમ કહી શકાય. ૧૫૦ સીટોના ટાર્ગેટ સાથે ચુનાવ મેદાનમાં ઉતરેલી ભાજપ એના આ લક્ષ્યાંકને પામવા માટે તનતોડ મહેનત કરી રહેલ છે અને એ પામવા માટે બધુ જ કરી રહી છે એ દેખાઈ આવે છે. ઉત્તરપ્રદેશની ચૂંટણી વખતે આ જગ્યાએ લખેલું કે વિકાસ અને મોદીની વાતોની સાથે સાથે જ્ઞાતિ ફેક્ટર પણ કામ કરતું હોય છે અને ગુજરાત ઈલેક્શનમાં પણ એ ફેક્ટર બખૂબી કામ કરવાનું છે પછી એ પાટીદાર ફેક્ટર હોય કે ઓબીસી ફેક્ટર.

ગુજરાતમાં અત્યાર સુધી મોટાભાગે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી લડાઈ રહી છે અને તમને વાંચીને કદાચ નવાઈ લાગશે કે ૨૦૦૨ થી શરૂ થયેલા મોદીમેજિક વચ્ચે પણ દરેક ઈલેક્શનમાં કોંગ્રેસે પ્રમાણમાં સારો દેખાવ કરેલ છે અને એટલે જ ખુદ વડાપ્રધાને રાજકોટની સભામાં પણ કહેલું કે કોંગ્રેસ છાનાખુણે મજબૂતાઈથી પ્રચાર કરી રહી છે એનાથી ચેતવાનું છે. મોદી સાચા પણ છે કેમકે ગુજરાતની ઘણી એવી સીટો છે જે કોંગ્રેસ ગમે તેવા વાવાઝોડામાં પણ સાચવી શકી છે. પણ આ વખતે સીનારિયો જુદો થવાનો છે અને એનું પહેલું કારણ છે ખુદ કોંગ્રેસ અને બીજું કારણ છે આપ. ઓછા માર્જિનવાળી બધી જ બેઠકો પર તો આપ જે મત તોડશે એની અસર પડશે જ પણ જ્યાં અત્યાર સુધી માત્ર કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જ સીધી લડાઈ હતી ત્યાં પણ આપના મતો નિર્ણાયક સાબિત થશે અને મોટેભાગે આ મતો તૂટવાના તો કોંગ્રેસના જ એટલે આવી સીટો પર ભાજપના વિજયની શક્યતાઓ વધી જવાની છે. અર્થાત કટોકટીવાળી આવી બધી જ સીટો પર આપની એન્ટ્રી ભાજપ માટે આશીર્વાદરૂપ છે. આપ ને ભાજપની બી ટીમ ગણાવતી કોંગ્રેસ એ ભુલી જાય છે કે પંજાબ અને દિલ્હીમાં પણ આપે ગાબડું તો કોંગ્રેસ વોટબેંકમાં જ પાડેલું અને અહી તો મોકળું મેદાન છે. કેમકે ગુજરાત કોંગ્રેસ અને એના નેતાઓ એટલા બધા નિષ્ક્રિય અને જૂથબંધીથી ઘેરાયેલા છે કે આ વખતે કોંગ્રેસને કદાચ ગુજરાતમાં ઐતિહાસિક રીતે ઓછી સીટો મળી શકે છે અને કોંગ્રેસની આ ઓછી થયેલી સીટોમાંથી મહતમ સીટો ભાજપના ફાળે જવાની છે એ નક્કી છે.

પણ તોતેર મણનો સવાલ એ છે કે શું આપ એટલી સક્ષમ છે ખરી કે ભાજપ કે કોંગ્રેસના મો થી કોળિયો છીનવી શકે..???? તો મારો જવાબ છે ' બિલકુલ નહીં ' અને એના અનેક કારણો છે. જેમાનું સૌથી મોટું કારણ છે આપ ના નેતાઓનો વાણીવિલાસ. પછી ચાહે એ હિન્દુ સંતો-દેવતાઓના અપમાનનો હોય. દારુ વિષે હોય કે પછી અંદરોઅંદરના ઝગડા હોય. આ લખાય છે ત્યારે જ ઈન્દ્રનીલ રાજગુરુ આપ ની નેતાગીરી પર ગંભીર આરોપો લગાવીને ફરીથી કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. આપનુ નીચલા સ્તરે કોઈ કાર્યકર સંગઠન છે જ નહીં અને જે છે એમાં પણ કાર્યકર ઓછા ને નેતા વધુ છે. માત્ર ને માત્ર સોશિયલ મીડિયા અને પ્રેસ કોન્ફરન્સના જોરે અને ' પ્રજા ભાજપથી કંટાળી ગઈ છે અને આપણને મત આપશે ' એવા વિચારોથી ચૂંટણી નથી જીતાતી.. શરૂઆતમાં બહુ ગાજેલી મફતની રેવડી પણ હવે હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. અને આમપણ ચૂંટણીઓ પ્રજાના નેતા પરના વિશ્વાસના જોરે જિતાતી હોય છે અને નરેન્દ્ર મોદી એમાં હમેશા અવ્વલ નંબરે પાસ થયા છે. ગુજરાતે આયાતી નેતાઓને ક્યારેય સ્વીકાર્યા નથી જ એ હકીકત છે. જો કે કેજરીવાલને તો નુકશાન એટલો નફો છે. એને તો એક સીટ આવે કે સાવ ના આવે તો પણ ગુજરાતમાં પગપેસારો કરવા મળ્યો એનો ફાયદો ભવિષ્યમાં થશે એવી એની આશા ખોટી પણ નથી. પણ એ માટે હજુ કેજરીવાલે ઘણી રાહ જોવી પડશે. વાત કરીએ ભાજપની તો વિરોધપક્ષો પાસે ભાજપ વિરુધ્ધ ઘણા મુદ્દા છે. તાજેતરમાં બનેલ મોરબી હોનારત હોય કે પેપર લીક હોય કે પછી ખેડૂતો-વીજળી-આરોગ્ય કે શિક્ષણ. દર ચૂંટણી વખતે ભાજપથી પ્રજા નારાજ છે અને આ વખતે એન્ટિ ઈંકમબંસી ભાજપને નડી જવાની એવી વાતો થાય છે અને થોડાઘણા અંશે ૨૦૧૭મા આવેલી ઓછી સીટોને બાદ કરતાં દર વખતે આ દલીલોનો છેદ ભાજપના જવલંત વિજય સાથે આવી જાય છે. આ વખતે પણ આ અને આવા અનેકો મુદ્દા વિપક્ષો પાસે છે પણ સૌથી મોટો પ્રશ્ન એ છે કે એનો ફાયદો લઈને ભાજપને મુશ્કેલીમાં મૂકી શકે એવો વિપક્ષ કયા..??? અને એનું કારણ એ છે કે દર ચૂંટણીમાં વિપક્ષો બીજાના આધારે ભાજપને ભરી પીવાની કોશિશ કરે છે. ૨૦૧૭ મા પાટીદાર અનામત આંદોલન હતું તો એ પહેલા કેશુભાઈની પાર્ટી હતી અને આ વખતે આપ છે. ભાજપ ચૂંટણીના ચોકઠા ગોઠવવામાં જેટલી માહેર છે એટલી જ આશ્વસ્ત ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં એણે કરેલ કામો પર પણ છે જ અને એટલે જ ૨૦૧૭ મા ૪૯% જેવો જંગી વોટશેર મેળવનાર ભાજપ એના કમિટેડ વોટર્સને લીધે આ વખતે પણ આ અથવા આનાથી વધુ વોટશેર મેળવશે એ નક્કી છે. સામે છેડે ૨૦૧૭ મા ૪૧% જેવો શાનદાર વોટશેર મેળવનાર કોંગ્રેસના વોટશેરમાં આપ ગાબડું પાડશે એ પણ નક્કી છે અને સરવાળે નુકશાન કોંગ્રેસને જ થશે. હકીકત એ છે કે વિરોધપક્ષો એમ માને છે કે એમની પાસે ભાજપ વિરુધ્ધ મુદ્દા ઘણા છે પણ એ મુદ્દાઓ ભાજપના કોર વોટર્સને ડગાવવા માટે અકસીર નથી અને એનું કારણ એટલું જ કે ચૂંટણીની આ લડાઈ ભાજપે પોતાના કામના જોરે.. એણે કરેલ વિકાસકાર્યોના સંગાથે અને મોદીની પ્રતિષ્ઠાના જોરે ક્યારની શરૂ કરી દીધી છે અને કેજરીવાલ કે કોંગ્રેસ એનો માત્ર શાબ્દિક વિરોધ કર્યા સીવાય કોઈ નક્કર ઈમ્પેક્ટ આપી શક્યા નથી. અધુરામાં પૂરું વિખરાયેલો અને અમુક અંશે ગુજરાતની જનતાના મિજાજને સમજી શકવામાં અસમર્થ વિરોધપક્ષે હજુ ગુજરાતની જનતાના દિલોમાં વિશ્વાસવાળું સ્થાન જમાવવું બાકી છે એવામાં ૨૦૨૨ ની ૮ મી ડિસેમ્બરે ફરી કમળ ખિલશે એમાં કોઈ શંકા અત્યારે તો દેખાતી નથી જ.




- akurjt@gmail.com

# માહિતી મેળવવાનો નાગરિકોનો અધિકાર

ઓક્ટોબર માસમાં માહિતી અધિકારના કાયદા તથા તેની ઉપયોગીતા પર એક વિશેષ નજર કરવી જોઈએ. આખરે તો કાયદો ગમે તેટલો લોક ઉપયોગી હોય તો પણ તે કાયદાની સમજૂતી લોકો સુધી ન પહોંચે તો આવા કાયદાઓનો ખરો લાભ લોકોને થતો નથી. માહિતી કમિશનર તેમજ મુખ્ય માહિતી કમિશનર તરીકેના મારી કામગીરીના જાત અનુભવે કેટલીક બાબતો મનમાં સ્પષ્ટ થઇ છે. આથી જ માહિતી આયોગ ગુજરાત તરફથી ઓક્ટોબરની ૧૦મી તારીખે (૨૦૨૨) એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું તેમાં ભાગ લેવાનો આનંદ થયો. આમ થવા પાછળનું મહત્વનું કારણ એ હતું કે જેઓ ગાંધીનગર સચિવાલયમાં મહત્વના હોદ્દાઓ પર બેસીને માહિતી અધિનિયમનું ખરા અર્થમાં અમલીકરણ કરે છે તેમની સાથે માહિતી અધિકારના કાયદા વિષે વાત કરવાની કે ચર્ચા કરવાની તક મળી. ગુજરાત માહિતી આયોગના મુખ્ય કમિશનર તેમજ તેમની સમગ્ર ટીમ આવા આયોજન માટે આપણાં અભિનંદનના અધિકારી બને છે. સચિવાલયના વિવિધ વિભાગોએ પણ ઉત્સાહથી પોતાના પ્રતિનિધિઓને આ વર્કશોપ માટે મોકલ્યા તે બાબત અભિનંદનીય છે. કાયદા પાછળ રહેલા જીંઈ ને સમજીને જો કામ થાય તો તેવા કાયદાના અમલીકરણમાં વિશેષ અસરકારકતા આપોઆપ આવે છે. ગુજરાતની વિવિધ સરકારોએ જો કે શરૂઆતથી જ માહિતીના અધિનિયમના અમલીકરણમાં સતર્કતા દાખવી છે. શરૂઆતના તબક્કે પડતર કેસોની સંખ્યામાં વિશેષ પ્રમાણમાં રહેતી હતી. તેનું એક મહત્વનું કારણ માળખાકીય સુવિધાઓને લાગતું હતું. જેમ ન્યાયતંત્રમાં ન્યાયધિશોની કેટલીક જગાઓ એક અથવા બીજા કારણસર ખાલી રહે છે તેમ માહિતી કમિશનરોની જગાઓ ખાલી રહેવાની સ્થિતિ ગુજરાતમાં એક તબક્કે હતી. આમ છતાં હાલની સ્થિતિ જોઈએ તો ગુજરાત સરકારે પ્રો-એક્ટિવ રહીને કમિશનરોની જગાઓ ભરી છે તથા છેલ્લા પાંચ વર્ષનું આ બાબતનું ચિત્ર ભૂતકાળના પ્રમાણમાં વિશેષ સારું છે. શરૂઆતના થોડા વર્ષોમાં કમિશનને અનુરૂપ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જોગવાઈ યથાર્થ પ્રમાણમાં ન હતી. પરંતુ તેમાં પણ હવે મહત્વના સુધારા થયા છે. ઓનલાઈન કેસ ચલાવવાની જે પ્રથા દાખલ કરવામાં આવી તેના કારણે લોકોને દુરદુરથી ગાંધીનગર આવવું પડતું હતું તે સ્થિતિ હવે રહી નથી. જેમને માહિતી જોઈએ છે તેમના માટે તેમજ સરકારના જુદા જુદા વિભાગોના અધિકારીઓ માટે ઓનલાઇન કેસો ચાલવાથી વિશેષ સરળતા થઈ છે. જિલ્લાના અધિકારીઓને માહિતી આયોગની સુનાવણી દરમિયાન પ્રવાસ કરવો પડતો નથી તેથી પણ તેઓના દૈનિક કામ ઉપર અસર પડતી નથી. જિલ્લાના કે સચિવાલયના જુદા જુદા વિભાગોના કર્મયોગીઓનો પણ મહત્વનો ફાળો આ અધિનિયમના અમલીકરણમાં રહેલો છે. રેકોર્ડ વ્યવસ્થિત રીતે રાખીને તેની જાળવણી પણ થવી જોઈએ તેવી સમજ માહિતી અધિનિયમના અમલીકરણ પછી વધી છે. આ પણ એક મહત્વની વિધેયાત્મક અસર છે. રેકોર્ડનું વર્ગીકરણ કરીને તેને જાળવવાની વ્યવસ્થા તથા તેને સંબંધિત નિયમો તો ઘણાં જુના છે પરંતુ તેના અમલીકરણમાં જોઈએ તેવી કાળજી લેવાતી ન હતી. માહિતીના ધારાના અમલ પછી આ રેકોર્ડની જાળવણીનો વિષય વિશેષ પ્રકાશમાં આવ્યો છે.

માહિતી અધિનિયમના અમલીકરણની શરૂઆતમાં કર્મચારીઓ-અધિકારીઓના મનમાં ઊંડે ઊંડે પણ એક ભયની લાગણી હતી. સરકારની ફાઈલો કે તેના પત્રવ્યવહારની વિગતો લોકોને કેવી રીતે આપી શકાય? આમ કરવા જતાં કેવા પરિણામો આવશે? કોઈ વ્યક્તિ માહિતીનો દૂર ઉપયોગ કરશે તો શું થશે? આ પ્રકારના અનેક પ્રશ્નો કાયદાના પ્રારંભના સમયે હતા. આવી લાગણી સ્વાભાવિક પણ છે. કારણ કે સૌકાઓથી આપણે માહિતીની ગુપ્તતા જાળવવાની બાબત સાથે જોડાયેલા હતા. OFFICIAL SECRET ACT -નું એ સીધું પરિમાણ હતું. પરંતુ દેશના સંરક્ષણ જેવી મહત્વની બાબતોને બાદ કરતા બાકીની રેકોર્ડ આધારિત માહિતી પ્રાપ્ત કરવાનો લોકોનો અધિકાર છે. બંધારણની રચના કરનાર આપણાં દીર્ઘદ્રષ્ટિવાળા વિદ્વાનોએ નાગરિકોને




અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય આપ્યું. લોકોના હાથમાં આ એક મહત્વનું હથિયાર છે. પરંતુ આ અભિવ્યક્તિનો હક્ક કે અધિકાર લોકો ત્યારે જ યથાયોગ્ય રીતે ભોગવી શકે કે જયારે તેમની પાસે માહિતીનો સ્ત્રોત ઉપલબ્ધ હોય. આ રીતે માહિતીનો કાયદો બંધારણના મૂળભૂત સિદ્ધાંતોની પરિપૂર્તિ સમાન છે.

કોઈ પણ કાયદાના અમલીકરણમાં તે કાયદાનો દુરુપયોગ થાય તેની શક્યતા રહેલી છે. કેટલાક તત્વો પોતાના અંગત હેતુઓ કે સ્વાર્થ માટે આવું કરતા હોય છે તેવો આપણો અનુભવ છે. મહિલાઓના શોષણને અટકાવવા ડાવરી એકટની અમલવારી શરુ કરવામાં આવી. મહિલાઓ તરફથી લગ્ન સમયે શ્વસુર પક્ષના લોકોને કરિયાવર આપવાની ફરજ પાડવામાં ન આવે તેવો આ કાયદાનો ઉમદા આશય હતો. જેમની સામે આવી ફરિયાદ થાય તેમને કડક શિક્ષા મળે તેવી પણ જોગવાઈ સારા હેતુ માટે કરવામાં આવી હતી. આ કાયદાની જોગવાઈના અનેક ફાયદા પણ થયા. આમ છતાં આ કાયદાનો દુરુપયોગ કરીને કેટલાક કિસ્સાઓમાં વ્યક્તિગત દ્વેષ કે ક્ષુલ્લક કારણોસર કેટલીક ફરિયાદો થઈ. થોડા કિસ્સાઓમાં નિર્દોષ લોકો પણ તેનો ભોગ બન્યા. આમ છતાં માત્ર આવા દુરુપયોગને કારણસર જ કોઈ સારા હેતુ માટે ઘડાયેલા કાયદાને નિરર્થક ઠરાવી શકાય નહિ. દુરપયોગ સામે લોક જાગૃતિ ઉભી કરવાની ફરજ સરકારની સાથે જ સ્વૈચ્છીક સંસ્થાઓની રહે છે. લોકજાગૃતિ ઉભી કરવામાં પણ 'માહિતી પહેલ' જેવી સ્વૈચ્છીક સંસ્થાઓએ નોંધપાત્ર કામગીરી કરી છે. સામાન્ય રીતે આરટીઆઈ હેઠળ માહિતી મેળવવા ઈચ્છતા નાગરિકોના મનમાં કેટલાક પ્રશ્નો થાય છે. આથી માહિતી પહેલ દ્વારા એક હેલ્પલાઈન સેન્ટર ચલાવવામાં આવે છે જે નાગરિકોના મનમાં ઉભા થતાં પ્રશ્નો કે મુશ્કેલીઓનો ઉકેલ લાવવામાં મદદરૂપ થાય છે. રાજ્ય સરકારની સંસ્થા SPIPA તરફથી પણ જાહેર માહિતી અધિકારી તથા અપીલ અધિકારીઓ માટે નિયમિત રીતે તાલીમની વ્યવસ્થા કરવામાં આવે છે. માહિતી અધિનિયમના અસરકારક અમલીકરણ માટે આપણી કટિબદ્ધતા જરૂરી છે.

# સંગાથ એટલે... શ્વાસની લગોલગ જીવાતા સંબંધનો સથવારો...


જાતને નિતારીને સૂકવી લાગણીનાં બારણે....
હજીયે તે બારણે...
કુંચી વગરનું તાળું અકબંધ છે...!!
કોરાણે મુકેલ પગલૂછણિયું....
રોજ દસ્તક દીધે રાખે છે.....
સજડ "ભાવ"નાં અભાવનો....
તે સ્વભાવ હજી અકબંધ છે....!!
પ્રેયસી હોત તો પૂછી પણ લેત કે....
તાર્કિકતા ક્યાં હોય પ્રેમમાં...???
"સ્વ"પોતને એ પ્રશ્ન પૂછતાં.....
મૌનની એ પહેલીઓ અકબંધ છે..!!
શાહજહાંના મુમતાજ માટેનાં...
એ પથ્થરો નું શું થયું...???
ખડક બની ગયેલ એ...
સંભાવનાઓ અકબંધ છે...!!

"સાથે" શબ્દ સાંભળવો કેવો મીઠો લાગે.....!! વ્હાલો લાગે ....!!પોતીકો લાગે....!! પણ "સાથે" શું હોય છે....??? કોણ હોય છે?? ક્યાં હોય છે?? કેમ હોયછે?? કેટલો સમય હોય છે?? કંઈ કેટલાય પ્રશ્નોનો માત્ર એક જ જવાબ હોઈ શકે.... "સાથે હોવું" મહત્વનું છે... બાકી બધું ગૌણ છે.



તારાં વિણવા નીકળેલાં આગિયા જેવા આપણે... સંગાથ ની શોધ માં જે સાથે છે સતત ...તે 'સ્વયં પ્રકાશિત' 'પોત' ને જ ભૂલી જઈએ છે.... જે ભીતર છે. જે ખુદમાં છે.. તે હંમેશા બીજાઓમાં શોધતાં રહીએ છીએ. ને તે શોધમાં જ પ્રવાસ પુરો થઈ જાય છે. ક્યારેય ભીતર નો પ્રવાસ કર્યો છે? ક્યારેય અંતરની યાત્રા કરી છે? ક્યારેય ખુદનાં સંદર્ભ જોડે મુલાકાત સાંધી છે? જો ખુદનું અનુસંધાન તમે બીજા બધાં વ્યક્તિઓમાં શોધતાં હોય તો તમે ખોટા સરનામે ટપાલ મોકલી રહ્યા છો.... જ્યાં આત્માનું સંધાન છે.. ત્યાં સાંધા ક્યારેય હોતાં નથી. માત્ર સંધાન જ હોય છે. જે અનન્ય, અદ્વિતિય અને અલૌકિક હોય છે.

કંઈ કેટલીય સંભાવનાઓ વચ્ચે આપણે હંમેશા 'તરાપો' શોધતાં હોઇએ છીએ. ક્યાંક વહેણ થી બચવા ,ક્યારેક આપની ઇનસિક્યોરિટી થી બચવા, ક્યારેક એકલતા થી બચવા... પણ તે 'તરાપો' પણ આખરે પોતે જ કશાકના આધારે ,કશાકની સપાટી પર તરતું માત્ર તરણું જ છે. માટે વહેણ સાથે વહેતા, તરતાં શીખી જઈએ.. જોડે આવી ગયેલ ડહોળાશને ખંખેરી વહેતાં શીખી જઈએ તો.... આવાં તરોપાની જરૂર ક્યારેય આપણને પડતી નથી..




રસ્તાનો પણ એક શિરસ્તો હોય છે. ક્યાં વળાંકે ...નવો વળાંક આવશે તેની તેનેય ખબર નથી હોતી... માત્ર "તે" હોય છે.... "રસ્તો "હોય છે..... વળાંક વાળો, વાંકોચૂકો, ઉબડખાબડ, ઢાળવાળો ,ભલે ગમે તેવો પણ "હોય " છે. તેવી જ રીતે "સંગાથ" હંમેશા સાથે જ હોય છે. ક્ષણાર્ધ સુધી... જીવીએ ત્યાં સુધી. જે અધવચ્ચે અટકી જાય, જે માંહ્યલામાં માત્ર ભાડે હોય, તે તો માત્ર "જોડે" હોય છે "સાથે" નહીં. તે ગમે ત્યારે અસહકારનું આંદોલન છેડી શકે. જ્યારે જે "સાથે" છે તે તો તૂટેલા તાંતણા ને ભેગા કરી પણ આપણી જાતને ફરીથી જોડી ને ઉભી કરી દેવામાં હંમેશા એક્સપર્ટ હોય ...સાથે જીવી જાણે... બાકી બધા જોડે રહેતાં માત્ર જોડા....!!

પોતાના જેવો ખુદનો કોઈ મિત્ર નથી હોતો, કોઈ પ્રેમી નથી હોતો, કે કોઈ સંગાથી નથી હોતો. જે "સ્વ"જોડે પ્રમાણિક રહી શકે છે, જે ખુદને પ્રેમ કરી શકે છે, નિઃસ્વાર્થતા થી જે ખુદને માણી શકે છે, જે ખુદની જોડે વાતો કરી શકે છે, જે ખુદને સાંભળી શકે છે, ખુદને સંભાળી શકે છે, ખુદને જીવી શકે છે ....તે ...જ "ખુદેશ્વર" છે.